# પરમાત્માનો પ્રેમપત્ર-મુરલી



**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

કથા વાર્તા પ્રમાણે કહેવાય છે કે શ્રીકૃષ્ણને મુરલીધર કહેવાય! કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે કે 'આકર્ષિત કરનારા.' વાસ્તવમાં કોઈ દેહધારી દેવાત્મા કેવી રીતે મુરલીના સૂર દ્વારા આપણા વિષય વિકારોને દૂર કરી શકે? પાવન બનાવી શકે? વાસ્તવમાં સર્વને આકર્ષિત કરનાર દેવાત્માના રચયિતા પરમ પિતા પરમાત્મા શિવ છે. જે જ્ઞાન - મુરલીદ્વારા મુરલીધર સ્વરૂપે આપણા વિકારોને દૂર કરે છે.

જ્ઞાન એ દીવાદાંડી સમાન છે. જીવનમાં અંધકારમાં પ્રકાશ પાથરે છે. જ્ઞાન વિના મનુષ્યનું જીવન અધૂરું અને દિશાહીન છે. આ ઈશ્વરીય જ્ઞાન બધી વિદ્યાઓના રાજા સમાન રાજવિદ્યા છે. સર્વ રહસ્યનો રાજા રાજગુહ્ય પણ છે. આ જ્ઞાન અતિ પવિત્ર છે, અતિ શ્રેષ્ઠ છે, પ્રત્યક્ષ ફળ આપનારું, સર્વધર્મથી ભરપૂર તેમ જ અવિનાશી છે. પરમાત્મા શિવ પૂર્ણ છે તેથી આ જ્ઞાન પણ પૂર્ણ છે. પૂર્ણમાંથી જ પૂર્ણનો ઉદય થયો છે. પૂર્ણમાંથી જો પૂર્ણ અર્પણ કરવામાં આવે તો પૂર્ણ જ શ્રેષ્ઠ રહે છે. આ સંસારમાં પરમાત્મા જ એક સંપૂર્ણ સત્તા છે. સત્યમ્ શિવમ્ સુંદરમ્ એવા પરમાત્મા જ સચોટ જ્ઞાન, આ સંસારને આપી શકે છે. આવું સર્વ શ્રેષ્ઠ જ્ઞાન એટલે પરમાત્માનું એનાં સંતાનો-આત્માઓ પ્રતિ પ્રેમપત્ર જેને 'જ્ઞાન મુરલી' પણ કહેવામાં આવે છે.

ગાયન છે કે મુરલીધરની મનમોહક મુરલીના સૂર સાંભળીને આત્મારૂપી ગોપ-ગોપીઓ દેહની સૂધબૂધ ભૂલીને નાચવા લાગતા. એક વિશિષ્ટ પ્રકારના અતિ ઈન્દ્રિય સુખમાં ઝૂમતાં. પરંતુ શું એ વાંસની વાંસળી-મુરલી હતી? ના ભાઈ ના? મુરલીનું આધ્યાત્મિક રહસ્ય એટલે પરમપિતા પરમાત્મા શિવ બ્રહ્માના મુખ કમળ દ્વારા જે મધુર મહાવાક્યનું ઉચ્ચારણ કરે છે તે 'શિવ ભગવાન ઉવાચ' તે છે સાચી મુરલી. કહેવાય છે કે 'મુરલી મે હે જાદુ તેરા! એટલે જરૂર ભગવાનની મુરલીના સૂર દુનિયા કરતાં અનોખા રહેવાના. જે જન્મ જન્માંતરનાં દુઃખ અને પીડાને દૂર કરનારા અને જીવનને સુમધુર સંગીતથી ભરી દે છે. ગોપીભાવ અર્થાત્ ગો એટલે ઈન્દ્રિય અને પી અર્થાત્ રસપાન કરનાર જે મુરલીથી આત્મારૂપી ગોપીઓ સૂધબૂધ ભૂલીને ઈશ્વરીય જ્ઞાન અમૃતનું રસપાન કરતા આત્માઓ.

ગોપીઓ માટે કહેવાયું છે કે મુરલીની એવી દીવાની હતી કે ઉતાવળમાં આંખનું કાજળ ગાલે આંજી દેતી. પગમાં પગરખાં પહેરવાનું ભૂલી જતી, રસોઈ પણ દાઝી જતી, દૂધ પણ ઉભરાય જતું અને દોડી જાય મુરલી સાંભળવા. ગોપીઓ સૂધબૂધ ભૂલી જતી અર્થાત્ જીવાત્માઓ પોતાના જૂના સ્વભાવ સંસ્કાર, કમી-કમજોરી, અવગુણોને ભૂલી, સમાપ્ત કરીને જીવનમાં દિવ્યતા ધારણ કરવી અર્થાત્ પરમાત્માના મહાવાક્યોને-મુરલીને, ઈશ્વરીય જ્ઞાનરત્નોને ધારણ કરીને અર્થાત્ આચરણમાં મૂકીને પોતાના કળિયુગી જીવનને ભૂલી એક નવા જન્મ અને જીવનની શરૂઆત કરે છે.


પરમાત્મા શિવનો એમની સંતાનો-આત્માઓ ઈશ્વરીય જ્ઞાન સભર પ્રેમપત્ર અર્થાત્ મુરલી જે આત્માઓને અજ્ઞાન અંધકારમાંથી જ્ઞાનની રોશની તરફ લઈ જાય છે. આ પ્રેમપત્ર સંજીવની બુટ્ટી સમાન છે. મૂર્છિત વ્યક્તિને સૂરજિત કરનારી છે. નિરાશ જીવનમાં આશાઓના દીપક જગાવનાર છે, ઉમંગ, ઉત્સાહના પ્રાણ પૂરનાર સંજીવની છે.

મુરલી એક એવો રામબાણ ઈલાજ છે. દુઃખી, અશાંત, ડિપ્રેશનથી પીડિત આત્માના જીવનમાં શાંતિનો સંચાર કરે છે. તણાવયુક્ત જીવન તણાવમુક્ત બને છે. મુરલી એક ટોનિક પણ છે. જ્ઞાન ઈન્જેક્શન છે. મુરલી તો ગ્લુકોઝની બોટલ પણ છે. અશક્તને સશક્ત બનાવનારી આ મુરલી આત્મવિશ્વાસ પણ છે. આ ખુદા દોસ્તનો પ્રેમપત્ર પરમાત્માની ભાવના, આશા અને પ્રેમ દ્વારા સ્પષ્ટ કરે છે. જેનાથી આસુરી અવગુણવાળો આત્મા પણ પરિવર્તિત થઈ જાય છે. ભાગ્યનો સિતારો ચમકાવનારો પત્ર છે. આત્માઓનું સુરક્ષા કવચ પણ છે સર્વ સમસ્યાઓનું સમાધાન પણ છે. મુરલી સ્થિતિને અચલ રાખે છે.

**મુરલી સુરક્ષા કવચ છે, મનુષ્યના જીવનમાં દરેક પાસાંઓને સુરક્ષિત રાખે છે અર્થાત્ અનેક સમસ્યાઓ અને વિઘ્નોથી બચી જાય છે, મુરલી એ દરેક સમસ્યાનું સમાધાન છે, એના જેવું કોઈ શસ્ત્ર કે શાસ્ત્ર નથી, જેમાં દરેક પ્રશ્નનો ઉકેલ હોય**

મુરલી સુરક્ષા કવચ છે. મનુષ્યના જીવનમાં દરેક પાસાંઓને સુરક્ષિત રાખે છે અર્થાત્ અનેક સમસ્યાઓ અને વિઘ્નોથી બચી જાય છે. મુરલી એ દરેક સમસ્યાનું સમાધાન છે. એના જેવું કોઈ શસ્ત્ર કે શાસ્ત્ર નથી. જેમાં દરેક પ્રશ્નનો ઉકેલ હોય. પરમાત્માની જો કોઈ આત્મારૂપી ગોપીકા હોય, જેના જીવનમાં મુરલીનું મહત્ત્વ પોતાના પ્રાણ કરતાં પણ વધારે હોય. મુરલી આપણા અવગુણોને સમાપ્ત કરનારી જ્ઞાનતલવાર છે અને આપણામાં રહેલા અવગુણોનું સપષ્ટ દર્શન કરાવનાર સૂક્ષ્મદર્શક યંત્ર પણ છે. મિત્રો, આપણે કાષ્ટની સ્થૂળ મુરલીને સ્થાને આપણા વર્તમાન જીવનમાં પરમાત્માની જ્ઞાન મુરલીના અમૂલ્ય મહાવાક્યોને ધારણ કરીએ અને આપણું જીવન અને આપણા સહપરિવારનું જીવન સુખ-શાંતિથી ભરપૂર બનાવીએ-પ્રેરણાસ્ત્રોત બનીએ, અને બનાવીએ. ઓમ શાંતિ....

# પરંપરા અને પરિવર્તન



**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

સમયના વહેણ સાથે ગ્રીક સંસ્કૃતિ વિલીન થઈ ગઈ. ટાઈગ્રિસ અને યુક્રેટિસ નદીના પટ વચ્ચે વિકસેલી બેબીલોનિયન સંસ્કૃતિ હોય કે પછી અમેરિકાની જૂની વાલ્ડિયન આદિ માનવ વસાહતો હોય, આ બધી સંસ્કૃતિઓ નદીની રેતમાં જ સમાઈ ગઈ. ઈજિપ્તની સંસ્કૃતિ પણ તેના પિરામિડોમાં સમાઈ ગઈ. સમગ્ર વિશ્વમાં જેની ધાક વાગતી એ રોમન સંસ્કૃતિ તેનાં ભવ્ય મહાલયોના ભગ્ન અવશેષોમાં રહી ગઈ. વાંચતાં આશ્ચર્ય લાગશે પણ વાત સાચી છે. આજે એ ભૂમિ પર મનુષ્યો તો છે પણ તેને આ પ્રાચીન સંસ્કૃતિ સાથે આજે નહાવા-નિચોવાનો પણ સંબંધ નથી રહ્યો. જ્યારે ભારતીય સંસ્કૃતિનો સૂર્ય સાંપ્રત સમયે પણ મધ્યાહ્ને તપે છે. તેનાં મૂળમાં કોઈ એકમાત્ર કારણ હોય તો એ છે પરંપરા! હા, ઋષિ પરંપરા, મંદિર-શાસ્ત્ર-સંત પરંપરા, વિધિ-વિધાનની પરંપરા, યજ્ઞ પરંપરાના આધારસ્તંભ પર ટકી છે ભારતીય સંસ્કૃતિ.

જો કે હવે હવા બદલાવા લાગી છે. આજના ભૌતિકયુગનું પાણી પીને મોટી થયેલી યુવા પેઢીને હવે પરિવર્તન જોઈએ છે. એટલે જ આપણે આધુનિકતા અને વિકાસની ઓથ લઈને પરંપરાને અભરાઈ પર ચઢાવી દેવાની તૈયારી કરી રહ્યા છીએ.

આજના યુવાધનને પરંપરા બંધન લાગે છે પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલા આ મહાનુભાવોને ખ્યાલ નથી કે પરંપરાનું બંધન તે બંધન નહીં પરંતુ રાષ્ટ્રીય અને સામાજિક ઉન્નતિનો અવિચળ પાયો છે, જે પાયા પર સંસ્કૃતિ અને તેનાં મૂલ્યોનું જતન અને સંવર્ધન થાય છે.

અમેરિકાના વિખ્યાત લેખક માર્ક ટ્વેઈન લખે છે કે, "ભારત માનવજાતનું ઉદગમસ્થાન છે. ભારત ભાષાઓની જન્મભૂમિ, માનવજાતિ માટે પ્રેરણાની ભૂમિ, ઇતિહાસની માતા, પુરાણોની દાદી તેમ જ પરંપરાની પરદાદી છે." આજે વિશ્વનાં એક નહીં પરંતુ અનેક વિદ્વાનો, વિચારકો અને તત્ત્વચિંતકો આ વાતને સમર્થન આપે છે કે, ભારતીય સંસ્કૃતિ અને તેની પરંપરા વિશ્વમાં અજોડ છે, અદ્વિતીય છે.

અમેરિકાના ક્વિવલેંડના મેયર રાલ્ફ. જે. પર્કે પૂ. પ્રમુખસ્વામી મહારાજને તા.૨૬/૭/૭૪ના દિવસે પોતાના શહેરની ચાવી અર્પી બહુમાન કરતાં જણાવ્યું હતું કે, "ભારતીય ધાર્મિક સંસ્કારો અને પરંપરા ઉચ્ચ જીવનની પ્રેરણા આપે છે. તેથી અમને ભારત માટે માન છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પચરંગી પથ્થરમાં જડેલા રત્ન સમાન છે."

આજે ભારતીય પરંપરા અને સંસ્કૃતિને પાશ્ચાત્ય જગત સ્વીકારતું થયું છે, તેના સિદ્ધાંતોના આધારે પોતાના દેશ અને પ્રજાનો સાંસ્કૃતિક વિકાસ કરી રહ્યું છે પરંતુ કરુણતા તો એ વાતની છે કે વિશ્વની સંસ્કૃતિઓ અને પરંપરાની જનેતા એવા ભારતમાં જ આધુનિકતાની ઉધઈ તેની પરંપરાને કોરી રહી છે. આપણને જ આપણી ભવ્ય સંસ્કૃતિ અને પરંપરાનો મહિમા નથી.

પુરાણકાળથી ચાલી આવતી સંસ્કાર પરંપરા આજે જીવંત તો છે જ પણ એ સંસ્કારની ઇમારતને લૂણો લાગવા માંડ્યો છે.

ખરેખર, વિખ્યાત સ્વાતંત્ર્યવીર શ્રી મહાદેવભાઈ દેસાઈ સાચું જ કહે છે કે, "આપણને આપણા પોતાના જ ઇતિહાસ અર્થાત્ પરંપરા વિશે કેટલું અજ્ઞાન હોય છે." આજની યુવા પેઢી એવું માને છે કે પરંપરા કેવળ નિર્બળ, નિર્ધન, તર્કહીન કે અલ્પ બુદ્ધિ માણસો માટેનું તત્ત્વ છે પરંતુ એવું નથી. પરંપરાના સહારે તો વ્યક્તિ સબળ, ધનવાન, તર્કવાન કે બુદ્ધિવાન બને છે.

બ્રિટિશ ઇતિહાસકાર જેઈમ્સ ગ્રેન્ટ ડફ કહે છે : "ઘણી ખરી વૈજ્ઞાનિક પ્રગતિ જે આજે આપણે યુરોપમાં થયેલી હોવાનું માનીએ છીએ, એ ખરેખર સદીઓ પહેલાં ભારતમાં ઋષિમુનિઓ દ્વારા થયેલી છે" અને એ મહર્ષિઓ ભારતીય સંસ્કૃતિની શાશ્વત પરંપરાના વાહક અને પરિપોષક આર્ષદ્રષ્ટા હતા.

ભારતનાં સેંકડો સંતો-મહાત્માઓ તેમજ ભક્તોએ સનાતન વેદિક ધર્મોનાં મૂલ્યો આજે પણ જાળવીને તેનું જતન કર્યું છે. સાચા સંતની પવિત્રતા સંસ્કાર અને સંસ્કૃતિનું પોષણ કરે છે. આ પવિત્રતા જ સૌના હૃદયમાં આદર જન્માવે છે અને સન્માર્ગે ચાલવાનું બળ આપે છે. અખિલ ભારત સાધુ સમાજના મહામંત્રી પૂ. હરિનારાયણાનંદ સ્વામીએ આવા એક અનુભવને વ્યક્ત કરતાં કહેલું, "પ્રમુખસ્વામી મહારાજ કેવળ સ્વામીનારાયણ સંપ્રદાયના જ નહીં પરંતુ સમસ્ત ભારત સાધુસમાજના પ્રમુખ છે. તેમણે ભારતીય પ્રાચીન પરંપરાને ઉચ્ચ સ્થાને સ્થાપિત કરી છે."

**પરંપરા એટલે પથ્થરયુગના માનવીથી લઈ આજના આધુનિક યુગના માનવ સુધીનાં સૌ કોઈને સભ્યતા શીખવાડનાર તત્ત્વ, પરંપરા માણસ-માણસ વચ્ચેનો, સંસ્કૃતિ-સભ્યતા વચ્ચેનો સેતુ છે**

પરંપરા એટલે પથ્થરયુગના માનવીથી લઈ આજના આધુનિક યુગના માનવ સુધીનાં સૌ કોઈને સભ્યતા શિખવાડનાર તત્ત્વ. પરંપરા માણસ-માણસ વચ્ચેનો, સંસ્કૃતિ-સભ્યતા વચ્ચેનો સેતુ છે. પરંપરા આપત્તિઓના પ્રચંડ ધરતીકંપ વચ્ચે મનની સ્થિરતા અને શાંતિની ગંગોત્રી બની રહે છે.

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ પણ કહે છે "આપણી સંસ્કૃતિ અને પરંપરા સાચવવી એટલે આપણા સનાતન ધર્મના સંસ્કાર જાળવવા. જેમ પાયા વિના ઈમારત રહેતી નથી તેમ સંસ્કૃતિનાં મૂલ્યોની દૃઢતા અને પરંપરા વિના શાંતિ સ્થાપિત થતી નથી."

તો ચાલો ફરી એક વાર આપણા એ ભવ્ય વારસાને જીવંત કરવાનો સંકલ્પ કરીએ.